પેટ્રોલ પંપ ધારકોએ તેમની હડતાળને સમેટી લેતા રાહત

અમદાવાદ, તા. ૧૬

ગુજરાતમાં એક સિફ્ટમાં પેટ્રોલ અને ડિઝલનું વેચાણ કરવાની હડતાળ પેટ્રોલપંપ ધારકોએ આજે સમેટી લેતા મોટી રાહત થઈ છે. મોટા માંગણીને સ્વીકારી લેવામાં આવી છે. માંગ સ્વીકારી લેવાતા હડતાળને સમેટાઈ લેવાઈ છે. હડતાળ સમેટી લેવા પાછળ તેમની માંગોને સ્વીકારી લેવામાં આવી હોવાનું જણાવાયું છે. હડતાળનો અંત આવતા હવે ખેલૈયા અને વાહનચાલકોને મોટી રાહત રહેશે.

અમદાવાદ સહિત ગુજરાતભરમાં સોમવારથી પેટ્રોલ પંપ ધારકો દ્વારા સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી જ પેટ્રોલ અને ડિઝલ વેચાણ કરવાનું નક્કી કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ હડતાળ ચાલુ રાખવામાં આવશે. સામાન્ય જનતાએ પેટ્રોલ અને ડિઝલ મેળવવામાં કોઈ હાડમારીનો સામનો ના કરવો પડે એટલે એક સિફ્ટમાં પેટ્રોલ-ડિઝલનું વેચાણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

મંગળવારે સવારે હડતાળને સમેટી લેતા પેટ્રોલ પંપ ધારકોએ જણાવ્યું હતું કે, તેમના દ્વારા કરવામાં આવેલી માંગોને સ્વીકારી લેવામાં આવી છે. પેટ્રોલપંપ ધારકો દ્વારા ખર્ચમાં થઈ રહેલા વધારાના પગલે કમિશનમાં વધારો કરવામાં આવે તેવી માંગ કરી હતી.

પેટ્રોલ પંપ ધારકો દ્વારા હડતાળ સમેટી લેવામાં આવતા ખેલૈયાઓમાં આનંદની લહેરકી છવાઈ ગઈ છે. તો વાહન ચાલકોએ હાડમારીનો સામનો નહીં કરવો પડે તે બદલ રાહતનો શ્વાસ લીધો છે. મોડી રાત સુધી વાહન ચાલકો હવે પેટ્રોલ અને ડીઝલ પુરાઈ શકશે. ગઈકાલથી પેટ્રોલ પંપ ધારકોએ કઠોર વલણ અપનાવતા લોકોને ભારે પરેશાની થશે તેવી દહેશત સતાવી રહી હતી.

પૂર્વ મુખ્યમંત્રીઓ ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુબાપા તથા અગ્રણી કાર્યકરો આવતાં ચિલોડા, આલમપુર, ડભોડા, વલાદ ગામના અનેક રાજકીય કાર્યકરો, હોદ્દેદારો તથા ગ્રામજનો ઉપસ્થિત રહી કેશુબાપાનું ફૂલહાર તથા માથે સાફો પહેરાવી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

શ્રી મુક્તજીવન સ્વામીબાપાની ૧૦૫મી જન્મ જયંતીએ શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજ, શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, કવિ અને અધિક સચિવ, શ્રી એસ.કે. ગુપ્તા, ડાયરેક્ટર ઓફ ઈન્કમટેક્ષ શ્રી મુક્તજીવન ડીઝાસ્ટર મેનેજમેન્ટની ઢુકડાને સાર્કના ૧૮ દેશોના પ્રવાસ માટે ભારતીય રાષ્ટ્રીય ધ્વજ અર્પણ કરી રવાના કરાઈ તે પ્રસંગની તસવીર.

સિ.સિ.કા.ની મહિલા પાંખ દ્વારા ૨૦મીએ ગરબા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સિનિયર સિટિન્સ કાઉન્સિલ, ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા નવરાત્રીના મહાપર્વ નિમિત્તે ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મહિલા પાંખના કન્વીનર મીના શાહે જણાવ્યું છેકે આગામી ૨૦મી ઓક્ટોબર ૨૦૧૨ને શનિવારે નવરાત્રીના ૬ઠ્ઠા નોરતે ગરબાનો કાર્યક્રમ મહારાષ્ટ્ર ભવન, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સાંજે ૪ કલાકે યોજાશે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની મહિલા પાંખની સર્વે બહેનોને ભાગ લેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

છેલ્લાં ૧૦ વર્ષમાં ૩૭૨૪૮ લોકોએ આત્મહત્યા કરી છે

અમદાવાદ, તા. ૧૬

ગુજરાતમાં નરેન્દ્ર મોદીના શાસનમાં ૧૦ વર્ષમાં ૩૭,૨૪૮ વ્યક્તિઓએ આત્મહત્યાકરી છે. જેમાં ૫૮.૫ ટકા પુરુષો અને ૪૧.૪ ટકા મહિલાઓનો સમાવેશ થાય છે. તેમજ ચોંકાવનારી બાબત તો એ છે કે ગુજરાતમાં આત્મહત્યા કરનારા ૪૦ વર્ષની નાની વયના યુવાનોનું પ્રમાણ ૮૦ ટકા છે, ૧૦ વર્ષમાં જે આત્મહત્યાના બનાવો બન્યા છે એમાં ૭,૦૬૨ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. તમામ જિલ્લાઓમાંથી આરટીઆઈ હેઠળ મેળવેલી આ હકીકત છે તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ આજે પત્રકારોને જણાવ્યું હતું.

'વિચારે ગુજરાત' દ્વારા ઓલવાયેલા જીવનદીપ શિર્ષક હેઠળ કહેવાતા વિકસિત સમાજમાં આત્મહત્યાના પ્રમાણમાં વધારો શા માટે ? પુસ્તિકાનું પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ વિમોચન કર્યા બાદ પત્રકારોને વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં રોજ ૧૦ વ્યક્તિ આત્મહત્યા કરીને માનવ જિંદગી ટૂંકાવે છે, જેમાં ૬ પુરુષો અને ૪ મહિલાઓ છે. આપઘાતના બનાવોમાં ૭૧.૪૨ ટકા પરણિત પરિવારના સભ્યો છે. પરણિત પુરુષ કે સ્ત્રીની આત્મહત્યાથી સીધી અસર સમગ્ર પરિવાર પર થાય છે. અને પરિવાર છિન્નભિન્ન થાય છે. રાજયમાં ઉંમરના પ્રમાણમાં વર્ગીકૃત માહિતી આપતા મોઢવાડિયાએ કહ્યું હતું કે, ૨૧ થી ૩૦ વર્ષના ૧૩૪૮૬ યુવક-યુવતીઓએ આત્મહત્યા કરી છે જે ટકાવારીની દ્રષ્ટિએ ૩૬.૨ ટકા છે. ૩૧ થી ૪૦ વર્ષના ટકાવારીની દ્રષ્ટિએ ૨૩.૧ ટકા આત્મહત્યાનું પ્રમાણ છે. આત્મહત્યા કરનારા ૮૦ ટકા ૪૦ વર્ષથી નાની વયના છે. ઘરકંકાસને લીધે આપઘાતનું પ્રમાણ ૮ ટકા છે, ૧૯ ટકા આપઘાત બિમારીને કારણે છે. કોંગ્રેસના શાસનમાં આત્મહત્યા નિવારણ કેન્દ્રો કાર્યરત હતા. હાલ આવા કેન્દ્રો કાર્યરત નથી. રાજય સરકાર આત્મહત્યા પ્રત્યે અસંવેદનશીલ છે. ગુજરાતમાં ખેડૂતોની આત્મહત્યાનું પ્રમાણ આંધ્ર અને વિદર્ભ કરતાં પણ વધુ છે. દેશમાં સૌરાષ્ટ્રમાં આત્મહત્યાના સૌથી વધુ બનાવો બન્યા છે. બીજા ક્રમે ઉત્તર ગુજરાત છે. એટલે કે ૧૦ વર્ષમાં સૌરાષ્ટ્ર કચ્છમાં ૧૬,૪૦૩ લોકોએ આત્મહત્યા કરી છે.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પૂર્વ કુલપતિ વિદ્યુત જોશી, સમાજશાસ્ત્રી ડો. ગૌરાંગ જાની અને ડો. એડવીન મસીએ આત્મહત્યા અંગેની માહિતી આપી હતી.

જલારામ મહિલા મંડળ દ્વારા ગરબા હરિફાઈ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

નવરાત્રી પર્વની શરૂઆતથી જ સમગ્ર નગરમાં આદ્યશક્તિની ઉપાસના અને આરાધના કરવામાં લીન બન્યું છે ત્યારે જલારામ મહિલા મંડળ દ્વારા તા.૨૧મી ઓક્ટોબરને રવિવારના રોજ સમાજની બહેનો માટે નવરાત્રી ગરબા હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સમાજની દરેક બહેનને જલારામ મંદિર, શોપીંગ સેન્ટર સામે, સેક્ટર-૨૯, ગાંધીનગર ખાતે હાજર રહેવા મંત્રી પ્રજ્ઞા ઠક્કરે જણાવ્યું છે.

ગુજરાતમાં નવલી નવરાત્રિ ઉત્સવનો રંગેચંગે શુભારંભ

અમદાવાદ, તા. ૧૬

અમદાવાદ સહિત ગુજરાતભરમાં આજથી નવલી નવરાત્રીનો રંગેચંગે પ્રારંભ થઈ ગયો છે. નવરાત્રિમાં તાલ સાથે ઝૂમવા યુવાધન દ્વારા છેલ્લા કેટલાય સમયથી તૈયારીઓ ચાલતી હતી. જો કે આ વખતે નવરાત્રીમાં પણ મોંઘવારીની અસર જોવા મળી છે. આ વર્ષે નવરાત્રીમાં આઠ દિવસ હોવાથી માન્યતા મુજબ આખું વર્ષ મંદી રહેવાની શક્યતા છે. પ્રથમ દિવસે યુવાધનમાં આજથી અમદાવાદ સહિત ગુજરાતભરમાં નવલી નવરાત્રી શરુ થઈ ગઈ છે. ચાલુ વર્ષે શેરી ગરબા ઉપરાંત કલબ, પાર્ટીપ્લોટ અને ફાર્મ હાઉસમાં ગરબાના મોટા પાયે આયોજન કરવામાં આવ્યા છે.

આજે પ્રથમ દિવસે જ એસ. જી. હાઈવે પર સામન્ય દિવસ કરતા ટ્રાફિક ચક્કાજામ જોવા મળ્યો હતો. જોકે પ્રથમ દિવસ હોવાથી જાહેર કાર્યક્રમોમાં ભીડ ઓછી જોવા મળી હતી. બીજી બાજુ ચાલુ વર્ષે નવરાત્રી માટે ટ્રેડીશનલ ડ્રેસથી લઈ શણગારની પ્રત્યેક વસ્તુમાં વધેલા ભાવથી ખરીદીમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. જોકેછેલ્લા કેટલાક વર્ષોથી શેરી ગરબામાં વધારો થતાં વાલીઓની ચિંતા ઘટી છે. નવરાત્રીના નવ દિવસોમાં માઈભક્તો માતાજીની આરાધના કરી શક્તિ ઉપાસના કરે છે. આ દિવસો દરમિયાન અંબાજી ખાતે પણ ભારે ભીડ જોવા મળે છે. આ ઉપરાંત પ્રત્યેક શક્તિપીઠ સ્થાને ભક્તોની ભીડ રહે છે.

કંપની સમાચાર

સોનીની ગુજરાતમાં તહેવારોનાં મોસમમાં રૂ.૨૪૦ કરોડના કારોબારની યોજના

સોની ઈન્ડિયાએ આજે તહેવારોની આ મોસમમાં તેનો કારોબાર વધારીને રૂ. ૨૪૦ કરવાની મહત્ત્વાકાંક્ષી યોજનાની જાહેરાત કરી છે. તેની વ્યાપક સ્તર પર હાજરી, નવીનીકરણમાં લાઈનેજ અને ટેકનોલોજીકલ એડવાન્સમેન્ટનો લાભ ઉઠાવતાં સોની ઈન્ડિયાએ સમગ્ર ગુજરાતમાં તેના વૈવિધ્યસભર ગ્રાહકોને તેની પ્રોડક્ટ્સ તરફ આકર્ષવા આકર્ષક ઓફર્સ રજૂ કરી છે. કંપનીએ રાજયમાં તેની એટીએલ અને બીટીએલ એક્ટિવિટીઝ અને વિવિધ પ્રમોશનલ કાર્યક્રમો પાછળ રૂા. ૬ કરોડનું માર્કેટિંગ રોકાણ કરવાની યોજના બનાવી છે.

સોની ઈન્ડિયાની મહત્ત્વાકાંક્ષી ફેસ્ટિવ પ્રમોશન્સ અને ઓફરિંગ્સ અંગે સોની ઈન્ડિયાના સિનિયર જનરલ મેનેજર સેલ્સ શ્રી સુનિલ નાયરે જણાવ્યું હતું કે, ''તહેવારોની આ મોસમમાં અમે ગ્રાહકોની વિવિધ અગ્રતાઓને પૂરી કરવા માટે ફેસ્ટિવ ઓફર્સની વ્યાપક રેન્જ રજૂ કરી છે. એક મહત્ત્વપૂર્ણ બજાર તરીકે ગુજરાતમાં અમારાં આઉટલેટની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળશે. અમે અમારા આઉટલેટની સંખ્યા નાણાકીય વર્ષ ૨૦૧૧માં ૫૦૦ થી વધારીને નાણાકીય વર્ષ ૨૦૧૨ માં ૬૦૦ સુધી કરીશું. અમને આશા છે કે તહેવારોની આ મોસમમાં નાણાકીય વર્ષ ૨૦૧૨માં અમારા કુલ વેચાણમાં ગુજરાતનું યોગદાન ૩૦ ટકા જેટલું રહેશે.''

પ્રદિપ ઓવરસીઝ દ્વારા ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીયલ હબ પ્રોજેક્ટ સ્થાપવાની જાહેરાત

દેશના કાપડ ઉદ્યોગ ઉદ્યોગના અગ્રણી જૂથ પ્રદિપ ઓવરસીઝ લિમિટેડ (POL) દ્વારા ગુજરાતમાં અમદાવાદ જીલ્લાના બાવળા તાલુકાના ભામસરા ગામે ઈન્ડસ્ટ્રીયલ હબ પ્રોજેક્ટ સ્થાપવાના આયોજનની જાહેરાત કરી છે. વિવિધ ક્ષેત્રોને આવતી લેતું આ ઔદ્યોગિક હબ અંદાજે ૧૮,૦૦,૦૦૦ લાખ ચો.વાર વિસ્તારમાં પથરાયેલું હશે. પીઓએલ અહીં સુસંકલિત, ઈન્ફ્રાસ્ટ્રકચર પ્લેટફોર્મ સ્થાપવાનું આયોજન ધરાવે છે, જેથી કાપડ, એન્જિનિયરિંગ, ઓટો એન્સીલીયરી, લોજીસ્ટીક્સ અને વેરહાઉસિંગ પ્રવૃત્તિ ધરાવતાં ઉદ્યોગો વિકસાવી શકાય. આ સૂચિત ઈન્ડસ્ટ્રીયલ હબના પ્રોજેક્ટને કારણે આગામી વર્ષોમાં અંદાજે રૂા. ૩૫૦૦ કરોડનું મુડીરોકાણ આકર્ષાવાની તથા અંદાજે ૩૫,૦૦૦ થી વધુ કુશળ અને બીનકુશળ લોકોને રોજગારી મળવાની અપેક્ષા છે.

ભામસરા ગામ ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાનાં નેશનલ હાઈવે નં. ૮એ ઉપર આવેલું છે. ભામસરા ખાતેની પ્રોજેક્ટ સાઈટ ગુજરાતમાં મુખ્ય શહેરો સાથે માર્ગ, રેલ્વે તથા વિમાની સેવાઓથી સારી રીતે જોડાયેલ છે. વધુમાં તેવું ભૌગોલિક સ્થાન ગુજરાતના લગભગ તમામ બંદરો સાથે સંપર્ક ધરાવે છે અને તે ગુજરાતના નેશનલ હાઈવે નં. ૮ નો હિસ્સો છે, અને ડીએમઆઈસીની અસર ધરાવતાં વિસ્તાર હેઠળ આવેલું છે. ભામસરા સરકારની સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ ક્ટેગરી હેઠળ આવે છે, અને આ લાભો તેને ઔદ્યોગિક મુડીરોકાણ માટે રાજ્યનું અત્યંત પસંદગીપાત્ર સ્થળ બનાવે છે.

ચૌધરી મહિલા અધ્યાપન કોલેજમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સેકટર-૭માં આવેલી ચૌધરી મહિલા અધ્યાપન કોલેજમાં તાજેતરમાં અમદાવાદની જે.જી. એમ.એડ કોલેજની તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ યોજાઈ હતી. જે અંતર્ગત નિબંધ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા અને કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પીટીસી કોલેજની તાલીમાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં મારૂતિ શાહનો પ્રથમ, કાજલ પટેલનો દ્વિતીય અને જયોતિ રાઠોડનો તૃતીય નંબર આવ્યો હતો. મહેંદી સ્પર્ધામાં રીના ડામોરનો પ્રથમ અને વર્ષા ડામોરનો દ્વિતીય નંબર આવ્યો હતો. જયારે કવીઝ સ્પર્ધામાં 'એ' ગ્રૂપ વિજેતા થયું હતું. સમગ્ર કાર્યક્રમમાં આચાર્ય તથા લાયબ્રેરીયન અને અધ્યાપક મંડળે ખાસ હાજરી આપી હતી.

ડસ્ટબીન મૂકાશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગંદકી જોવા મળે છે. શહેરમાં આમ પણ ગંદકીની સમસ્યા દિનપ્રતિદિન જટીલ બનતી જાય છે ત્યારે કચરો હટાવો શહેરને રોચક બનાવોના અભિગમ સાથે વોક-વે ને સ્વચ્છ રાખવા તંત્ર કક્ષાએથી નવતર પ્રયોગ હાથ ધરવા વિચારણા સેવાઈ રહી છે. જેમાં વોક વે પર અમુક અંતરે ડસ્ટબીન મૂકવાનું આયોજન કરવામાં આવનાર છે. વોક-વે પર જતા નાગરિકો જાહેર કચરો ન ફેંકે તે માટે ડસ્ટબીન મુકાશે પ્રથમ તબક્કામાં પ્રાયોગિક ધોરણે ચ માર્ગ પર ડસ્ટબીન મુકાશે. જો કે આ મામલે વધુ આખરી આયોજન થયા બાદ નિર્ણય લેવાશે.

નવલી નવરાત્રી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજકો વ્યસ્ત બન્યા હતા. પહેલા દિવસે જ ઈમ્પ્રેશન પાડવા માટે ખેલૈયાઓએ તૈયાર થવા પાછળ જ ત્રણથી ચાર કલાકનો સમય આપ્યો હતો. બ્યુટીપાર્લરો અને સલૂનોમાં આખો દિવસ ભીડ રહી હતી. ગરબાના ડ્રેસને મેચિંગ કેટલીક એસેસરીઝની ખરીદી માટે પણ બજારોમાં ભીડ જોવા મળી હતી. રાત્રે આઠ વાગતા જ સેક્ટરોમાં અને પાર્ટીપ્લોટમાં માતાજીની આરતી અને તે પછી ગરબા ગુંજવા લાગ્યા હતા. ગરબાના જોસભર્યા સંગીત અને અવનવી રોશનીથી ગરબા ગ્રાઉન્ડ શોભી ઉઠ્યા હતા. ગરબા શરૂ થતાં જ ખેલૈયાઓની અવરજવરથી શહેરમાં એક અદમ્ય ઉત્સાહ અને જીવંતતા આવી ગયા હતા.

શાળાઓમાં પણ ગરબાઓના આયોજન થયા હતા. વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે ગરબે ઘુમ્યા હતા. કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી કચેરીઓમાં માતાજીની આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. નવરાત્રીના ઉપવાસ કરતા નગરજનોએ પૂજા સામગ્રી ખરીદવા માટે બજારોમાં ભીડ જમાવી હતી. હવે સળંગ એક અઠવાડિયા સુધી આવું જ ઉલ્લાસભર્યું વાતાવરણ રહેશે.

મતદારોની સંખ્યા ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધુ સંખ્યામાં લોકો તેમના મતાધિકારનો ઉફયોગ કરે તેવી ઈચ્છા રાખવામાં આવે છે. ભ્રષ્ટચાર સામેની લડાઈ વધુ તીવ્ર બની રહી છે ત્યારે આ વખતે મતદાનની ટકાવારી કેટલી રહેશે તેને લઈને પણ ચર્ચા રહી છે. આકડા દર્શાવે છે કે છેલ્લા પાંચ દશકમાં ગુજરાતમાં મતદારોની સંખ્યા ૨૮૩ ટકા સુધી વધી ગઈ છે. ૧૯૮૦ના દશક સુધી અડધા મતદારો જ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા હતા. આ સંખ્યા ૧૯૮૦ અને ૧૯૮૫માં વધી હતી. છેલ્લા ચાર દશકમાં આકડો ૬૦ ટકાની આસપાસ પહોંચ્યો છે. એક અંગ્રેજી અખબારમાં આ અંગેની ગણતરી કરવામાં આવી છે.

શાસન વિરોધી પરિબળોના કારણે ૧૯૯૫માં મોટી સંખ્યામાં મતદારો મેદાનમાં આવ્યા હતા અને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. એ વખતે ૬૪.૩૯ જેટલી મતદાન થયું હતું. એ જ વર્ષમાં ભાજપ પ્રથમ વખત રાજ્યમાં સત્તા પર આવ્યા બાદથી ભાજપનું નેટવર્ક વધ્યું હતું. આ વર્ષે પણ મતદારો પણ ઉમેરાયા છે. મતદાર યાદીમાં સુધારણા કરવામાં આવી ચૂક્યા છે. મતદારોની સંખ્યા હવે ૩૭૮૧૫૩૦૬ થઈ ગઈ છે. પરંતુ મતદારની ટકાવારી કેટલી રહેશે તે રસપ્રદ રહેશે. મોટાભાગના યુવા મતદારો નોંધાયા છે. રસપ્રદ બાબત એ છે કે ૧૯૯૯, ૨૦૦૪, ૨૦૦૯માં લોકસભાની ચૂંટણીમાં માત્ર ૪૫ ટકા મતદાન થયું હતું. રાજકીય નીરીક્ષકો માને છે કે ઘણા મતદારો રાષ્ટ્રીય મુદ્દાઓને જોઈ શકતા નથી જેથી ઓછી સંખ્યામાં મતદારો મતદાન કરવા માટે મેદાનમાં આવે છે. વિધાનસભાની ચૂંટણીમાં છેલ્લે પણ ૫૯ મતદાન થયું હતું. અલબત્ત પંચાયત ચૂંટણીમાં ટકાવારી ૭૦ ટકા રહી હતી. રાજકીય પંડિતો માને છે કે ઊંચી મતદાનની ટકાવારીથી ભાજપને ફાયદો થાય છે. પરંતુ ૨૦૧૨માં ગુજરાત પરિવર્તન પાર્ટી અને નાના પક્ષો પણ ભાજપ અને કોંગ્રેસ બંનેના મતમાં ઘટાડો કરી શકે છે.

શબ્દાવલી - ૪૮૭૩



આડી ચાવી

૧. રોજગારી, નોકરી (૪)
૪. હાઉસ, મકાન (૨)
૬. કલાકારને હિન્દીમાં... પણ કહેવાય (૪)
૮. સુંદર લાગે તેવું (૬ઠ્ઠી ચાવીનો છેલ્લો અક્ષર આ ચાવીનો પહેલો અક્ષર બનશે) (૫)
૯. નાનો ટૂકડો કે લાંચ (૩)
૧૦. નસીબ, ભાગ્ય (૯મીનો છેલ્લો અક્ષર ૧૦મી ચાવીનો પહેલો) (૩)
૧૩. ઢીલા પદાર્થમાં પડી ખરડાયેલ હોય તેવું (૪)
૧૭. સુગંધ, સારી વાસ (૩)
૧૮. સ્વચ્છ ચમકતું, ધોળું (૩)
૧૯. માણસનામોંની બે બાજુમાંનો દરેક ભાગ (૨)

ઊભી ચાવી

૧. જિંદગી, આયુષ્ય (૩)
૩. ભારતની છેક ઉત્તરમાં આવેલા પ્રદેશ (૩)
૪. સમય દર્શક યંત્ર (૪)
૫. બોકોરૂ, છેદ (૨)
૬. દારૂખાનું, ફોડવાનો દારૂ (૪)
૭. અમલ દરમિયાનમાં કરેલું કામકાજ (૪)
૧૧. એક મ્યાનમાં બે... ના રહી શકે (કહેવત) (૪)
૧૨. મડદુ, મૃત શરીર (૨)
૧૪. રાવણને... માથા હતા (૨)
૧૫. વચેટીયો, મારફતીયો (૩)
૧૬. ધજા-પતાકા (૨)

શબ્દાવલી ૪૮૭૨ના જવાબ

આડી ચાવી :- (૧) યુનિવર્સિટી (૫) રમા (૭) ધિરજ (૮) ખણખોદ (૯) પાક (૧૦) રજૂઆત (૧૪) તીરસ્કાર (૧૫) ગૌરવ (૧૬) તક (૧૭) ચકલી (૧૯) પાર્થ (૨૦) માનસ (૨૧) નસ

ઊભી ચાવી :- (૧) યુધિષ્ઠિર (૨) નિર (૩) વજ (૪) ટીખળ (૫) રખોપા (૬) માદક (૧૧) આર્શીવચન (૧૨) નરક (૧૩) પરમાર્થ (૧૪) નીતલી (૧૫) ગૌરી (૧૮) કસ (૧૯) પાસ

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૮૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન